# દ્વિતીય લેખિત કસોટી : એપ્રિલ-૨૦૧૮

તારીખ : ૧૬/૦૪/૨૦૧૮ ધોરણ-૭ સમય : ૮:૦૦ થી ૧૧:૦૦

વાર : સોમવાર વિષય : સામાજિક વિજ્ઞાન કુલ ગુણ : ૮૦

વિદ્યાર્થીનું નામ : ______________________ બેઠક નંબર : ______

સૂચના : (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન-1 (અ) નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો.** (5)

(1) વનરાજ ચાવડાએ કઈ નદી ઉપર નવું નગર વસાવ્યું હતું ?

(A) રૂપેણ (B) સરસ્વતી

(C) ખારી (D) બનાસ

(2) નીચેનાં પૈકી કયા રાજ્યમાં સૌથી ઓછો વરસાદ પડે છે ?

(A) રાજસ્થાન (B) ઉત્તર પ્રદેશ

(C) આંધ્રપ્રદેશ (D) અસમ

(3) ગુજરાત રાજ્યની વડી અદાલત કયા રાજ્યમાં આવેલી છે ?

(A) ગાંધીનગર (B) રાજકોટ

(C) અમદાવાદ (D) વડોદરા

(4) ભારતનો સૌથી વધુ મહત્વનો પાક કયો છે ?

(A) જુવાર (B) શણ (C) બાજરી (D) ડાંગર

(5) ભારતમાં શાકાહારી ખાદ્ય સામગ્રી પર કયા રંગનું ચિહ્ન હોય છે ?

(A) લાલ (B) લીલા (C) વાદળી (D) પીળા

**(બ) બંધ બેસતા જોડકાં જોડો.** (4)

| (અ) | (બ) |
|---|---|
| (1) એસ્કિમોનું ઘર | (1) ઘાસ |
| (2) કેનેડાની રાજધાની | (2) નહેર |
| (3) પનામા | (3) ઈગ્લૂ |
| (4) આલ્ફાલ્ફા | (4) ઓટાવા |

Scanned by CamScanner

**પ્રશ્ન-2 (અ) યોગ્ય શબ્દો વડે નીચેના વિધાનોની ખાલીજગ્યા પૂરો.** (5)

(1) ગ્રંથસાહેબ ____________ ધર્મનું ધર્મ પુસ્તક છે.

(2) સૌની સંપતિનો યોગ્ય રીતે ઉપયોગ કરવોએ આપણા સૌની ____________ છે.

(3) મહારાષ્ટ્રના લોકોનું ____________ નૃત્ય ખુબ પ્રખ્યાત છે.

(4) સોમનાથ મંદિરનો ઘુમ્મટ ____________ સ્તંભો પર ઊભો છે.

(5) ભારતમાં આશરે ____________ ટકા લોકો ખેતી સાથે સંકળાયેલા છે.

**(બ) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** (5)

(1) ગુરૂનાનક ગુજરાતના મહાન સંત હતા.

(2) આપણા દેશનાં સ્મારકો આપણું ગૌરવ છે.

(3) મોઢેરાના સૂર્યમંદિર પરથી કર્કવૃત્ત પસાર થાય છે.

(4) રાજસ્થાનમાં કેસરનાં ખેતરો છે.

(5) જહાંગીરની પત્નીનું નામ નૂરજહાં હતું.

**(ક) તમને આપવામાં આવેલા ભારત દેશના રેખાંકિત નકશામાં નીચે આપેલી વિગતો યોગ્ય સંજ્ઞા કે નામ વડે દર્શાવો.** (5)

(1) મધ્યપ્રદેશ

(2) વુલર સરોવર

(3) અરબ સાગર

(4) બ્રહ્મપુત્રા નદી

(5) કર્કવૃત્ત

**પ્રશ્ન-3 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર બે-ત્રણ વાક્યોમાં લખો. (ગમે તે સાત)** (14)

(1) રાણીની વાવ કોણે બંધાવી હતી ? શા માટે ?

(2) ન્યાયની દેવીના હાથમાં તલવાર શા માટે હોય છે ?

(3) હલ્દીઘાટીના યુદ્ધમાં રાણાપ્રતાપનો શાથી પરાજય થયો ?

(4) પૂર્વ ભારતના લોકો પોતાના ઘરની પાછળ શા માટે નાની તળાવડી રાખેછે ?

(5) લઘુ ઉદ્યોગ કોને કહેવામાં આવે છે ?

(6) શિવાજીનો જન્મ ક્યારે અને ક્યાં થયો હતો ?

Scanned by CamScanner

(7) ગ્રાહક કોને કહેવાય ?

(8) ભારતમાં સૌથી ઊંચો મિનારો કયો છે ? તે કેટલા માળનો છે ?

(9) પશ્ચિમ ભારતના લોકો ખોરાકમાં શું શું લે છે ?

(બ) શબ્દોની સમજ આપો. (ગમે તે ત્રણ) (6)

(1) જાહેર મિલકત

(2) ટંકશાળા

(3) કથકલી

(4) ઢાઈ દિનકા ઝોપડા

પ્રશ્ન-4 કારણો આપી વિધાનો પુરા કરો. (ગમે તે ચાર) (12)

(1) ઉત્તર ભારતમાં ઠંડી અને મધ્યભારતમાં ગરમી અનુભવાય છે.

(2) આપણા દેશનું ન્યાયતંત્ર કારોબારીથી સ્વતંત્ર અને નિષ્પક્ષ છે.

(3) શેરશાહ ઈતિહાસમાં સુધારક તરીકે જાણીતો છે.

(4) ચાનો પાક પહાડી ઢોળાવો પર ઉગાડવામાં આવે છે.

(5) સમાજમાં લોકો અંધશ્રદ્ધાનો શિકાર બને છે.

પ્રશ્ન-5 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો. (ગમે તે ચાર) (16)

(1) વનરાજ ચાવડાએ વસાવેલ નવા નગરનું નામ અણહિલવાડ પાટણ શા માટે રાખ્યું ?

(2) રાણા પ્રતાપના ચેતક ઘોડાની શી વિશેષતા હતી ?

(3) ભારતમાં ખેતીના પ્રકારો કેટલા અને કયા કયા છે ?

(4) મુઘલ સમયમાં કઈ કઈ ચીજવસ્તુઓ દુનિયાભરમાં જાણીતી હતી ?

(5) અલાસ્કા પ્રદેશ કયા ખંડમાં આવેલો છે ? ત્યાં કેવાં કેવાં પ્રાણીઓ જોવા મળે છે ?

(બ) ટૂંકનોંધ લખો. (ગમે તે બે) (8)

(1) નરસિંહ મહેતા

(2) મહારાણા પ્રતાપ

(3) ગ્રાહકના અધિકારો

Scanned by CamScanner